**<u>ક્રિમીનલ કેસ નંબર–૩૧૮૮/૨૦૨૪</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

હાલના કામે ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલી જેમાં આરોપીએ ફરીયાદી પાસેથી ધંધાર્થે રૂા.૨,૧૦,૦૦૦/–હાથઉછીના લીધેલા અને સદર રકમની ચુકવણી પેટે આરોપીએ ચેક નં.૫૪૫૧૭૨ નો ભરી ફરીયાદીને ચુકવણી માટે આપેલો જે ચેક જમા ન થતાં રીટર્ન થયેલો. ત્યારબાદ નિયમોનુસારની નોટીસ આપેલી અને તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ કેસ દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ આરોપીની પ્લી નોંધવામાં આવેલી અને ત્યારબાદ હાલનો કેસ ઠરાવના સ્ટેજ ઉપર છે.

આજરોજ ફરીયાદી અને આરોપી હાજર હોય અને તેમની વચ્ચે કેસમાં સમાધાન થતાં ફરીયાદી અને આરોપી કેસમાં માંડાવાળ કરવા માંગતા હોય તે અંગે પરવાનગી માંગેલ છે. નામ. સુપ્રીમ કોર્ટના ***SANJABIJ TARI VS KISHORE S. BORCAR & ANR. (2025 INSC 1158)*** ના ચુકાદાના પેરા ૩૮–બી મુજબ જો આરોપી કેસ માંડાવાળ કરવા માટે તૈયાર હોય તો મેજીસ્ટ્રેટશ્રી કેસ માંડાવાળ કરવાની પરવાનગી, આરોપી ધ્વારા ચેકની રકમના ૫ % (પાંચ) રકમ ડી.એલ.એસ.એ અથવા અન્ય કોઈપણ મંડળમાં ભર્યેથી, આપી શકે. હાલના કામે આરોપી ઉપરોકત રકમ ભરવા તૈયાર હોય, ફરીયાદી અને આરોપી કેસ માંડાવાળ કરવા માંગતા હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) હાલના કેસમાં આરોપી અને ફરીયાદી વચ્ચે કેસ માંડાવાળ (COMPOUND) કરવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) આરોપીએ ચેકની રકમ એટલે કે રૂા.૨,૧૦,૦૦૦/–ના ૫% (પાંચ) રકમ એટલે રૂા.૧૦,૫૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પાંચસો પૂરા ) પુરા ટી.એલ.એસ.એ, ઈડર ખાતે ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનો કેસ આજ તા ૦૧ એપ્રીલ ૨૦૨૬ના રોજ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુ.ઈડર
તા.૦૧/૦૪/ ૨૦૨૬.

(વિપ્લવ એચ.તેરૈયા)
એડી.જયુડી.મેજી.ફ.ક,ઈડર
જજ કોડ જી.જે.૦૧૬૮૧